# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સ્નેહ સંબંધોના દૂધમાં પડેલી માખ બતાવે છે!
કાંખે રહ્યું ન હિંદ હવે વિશ્વમાં સાખ બતાવે છે
ઉડતી નો'તી માંખ, હવ ફફડાવે પાંખ નિર્ભય -
હવે હિંમત તો જુઓ! અમેરિકાને આંખ બતાવે છે.
(વિશ્વ જમાદારને ચીમકી)

## હાઈકુ

પોસ્ટ મોર્ટમ!
શંકાના મૃતદેહે -
ચૂંથાય મૂલ્યો..
(એમ્સ નું તબીબી તંત્ર)

પુણ્યશાળી 'માં'..
હીરાબાને મળ્યું છે
રાય-આસન..
(રાયસણ બંગલો)

## ચિંતન

**એકઃ ખલોઅપિ યદિ નામ ભવેત્સમાયાં મોઘી કરોતિ વિદુષાં નિખિલ પ્રયાસમ્ ।**
**એકાપિ પૂર્ણ મુદરં મધુરૈઃ પદાર્થૈરાલોડ્ય રેચયતિ હન્ત ન મક્ષિકા કિમ ॥**

સુભાષિત રત્ન ભાંડાગારનાં 'દુર્જન નિંદા' નામનાં બીજા પ્રકરણનો ૧૫૨મો આ શ્લોક છે : સારી નિષ્ટ વાનગી (દૂધપાક - બાસૂંદી) જેવી વાનગી અને પદાર્થોથી પેટ ભરાયું હોય અને ભોજનનો આનંદ મેળવી તૃપ્તિ પણ થઇ હોય છતાં પણ જો ખાવામાં એકાદ પણ નાની માખી આવી ગઇ હોય તો તે આખો ય ખાવાનો આનંદ બગાડી નાખે છે અને જમ્યા પછી થોડી જ વારમાં પેટમાં ઘૂમરડી-ચકરડી શરૂ થઇ જાય અને બધા જ પદાર્થો-વાનગીઓને ઓકાવી નાખે છે અને માનસિક શાંતિ-તૃષ્ટિનો આનંદ પણ બગાડી નાખે છે.

એવી જ રીતે, સભા-સત્સંગ-ઘર પરિવાર કુટુંબ પરિવારમાં પણ એકાદ વ્યક્તિ દુષ્ટ-દુર્જન કે ખરાબ સ્વભાવની જો આવી જાય તો સજ્જનો એ બનાવેલું સ્વસ્થ તંદુરસ્ત આનંદમય વાતાવરણ બગાડી નાખે છે અને સુખ-શાંતિ-સંતોષની ઉલ્ટી થઇ જાય છે.

એક દુર્જન દુષ્ટ સ્વભાવની વ્યક્તિ બધાની આસપાસની વ્યક્તિઓ શાંતિને ઘમરોડી નાખે છે. સજ્જનોની મહેનત-મજા નકામી બનાવી નાખે છે.

## સુવિચાર

- માનવ જીવન પણ એક બંધ કળી જેવું છે, એ જો પૂરેપુરું ખીલી જાય તો એમાંથી અપાર સૌંદર્ય અને સુવાસ પ્રગટશે. અને જો ખીલ્યા વગરનું જ રહી જાય તો એ એક દુર્ભાગ્ય છે- **રજનીશ**
- માયા અને સત્તાથી અંદરના અહંકારના બીજને પોષણ મળે છે. જે તમારી અંતર્યાત્રાને નુકશાન કરે છે. નહીંવત્ થઇને જીવવું, પોતાના અહંકારને ક્યાંયથી બળ ન મળે તેમ જીવવા પ્રયત્ન કરવો **- સોક્રેટીસ**
- મહાનતાથી સરળ-સાદુ બીજું કશું જ નથી, ખરેખર સરળતામાં જ મહાનતા રહેલી છે **- એમર્સન**
- માનવીનું મન વૈભવ ઝંખે છે, ભૌતિક સાધનોનો વૈભવ સુખ માની બેસનાર મન ક્યારેય સંતૃપ્ત થતું નથી, જ્ઞાન અને વિવેક વડે જ તનનો નહીં પણ મનના વૈભવને સમૃદ્ધ બનાવવો એનું નામ સાદગી **- ધર્મસૂત્ર**
- જનારા પાછળ આંસુ પાડનારાં ઘણાં મળશે, પણ જીવતા સામે સ્મિત કરી, ખુશીથી વાત કરનારા મળવા મુશ્કેલ છે **- અફઘાન કહેવત**
- સૌ માટે દયાળુ અને કોમળ હૃદયી બનો, પણ પોતાના માટે કઠોર બનો **- લાઓત્સે**
- પૈસા માણસને મારે છે.. અને તારે પણ છે.. એમાં જવાબદાર પૈસો નથી, માણસ છે **- સાધુ વાસવાણી**

(સંકલન : દીપક વી. આસરા)

## બોધ કથા

આજના રેડિયો-ટીવી-વર્તમાનપત્રના યુગમાં પણ ભણેલી સારા ઘરની સ્ત્રીઓ પણ દાગીના ધોવાની લાલચમાં, બમણા કરવા કે સસ્તું સોનું લેવાની ચાલમાં ફસાઇ જાય છે. મૂરખ હોય તો ધૂતારા ભૂખે મરતા નથી.

મુલ્લા નસરૂદ્દીન બેકાર હતા. પણ મુત્સદ્દી હતા. બીબીએ થેલી પકડાવી તરકારી લેવા ધક્કો મારી મોકલી દીધા.

મુલ્લાં એ ચોકમાં ઉભા રહી કાળા પાટિયાંમાં સૂચના લખી કોઇ પણ બે પ્રશ્ન પૂછો - સાચા જવાબનો ચાર્જ માત્ર વીસ રૂપિયા!

એક ગામડિયો આવ્યો - એને આશ્ચર્ય થયું - એણે પૂછ્યું - આ વીસ રૂપિયા ભાવ વધારે ન કહેવાય? મુલ્લાં કહે 'કહેવાય' પછી એનો હાથ પકડી કહ્યું હવે બીજો પ્રશ્ન ફરજિયાત છે, પૂછ?

ગામડિયો મુંજાયો એને એમ કે હું પણ બુદ્ધિ બતાવું - કહ્યું - હું કુંવારો છું, પણ હવે મારી પત્ની મારા મહેલના સાતમે માળે, સોનાના હિંચકે બીસી, સોનાના પારણામાં મારા પુત્રન ક્યારે હિંચકો નાખશે?

નસરૂદ્દીન કહે - આવતા ભવે - લાવ વીસ રૂપિયા.. પૈસા લઇ મિયાં શાક લેવા નીકળી ગયા. ગામડિયો તો તેમની પીઠને વકાસી જ રહ્યો.

Email - sureshchandrabhatt18@gmail.com

# ગાંધીનગરમાં સાહિત્ય ભવનના નિર્માણ માટે જમીન ફાળવવા અંગે સરકારશ્રીમાં રજૂઆત કરવામાં નક્કી કરવામાં આવ્યું

● **સમાચાર સેતુ**

ગાંધીનગર સાહિત્ય સભાની સને ૨૦૧૪-૧૫થી સને ૨૦૧૬-૧૭નાં ત્રણ વર્ષ માટે નવનિર્મિત કારોબારી સમિતિની પ્રથમ બેઠક, તા. ૩-૭-૨૦૧૪ના રોજ, પ્રમુખશ્રી ભરતભાઇ કવિ "ઊર્મિલ"ના અધ્યક્ષસ્થાને, સરકીટ હાઉસ, ગાંધીનગર ખાતે સંપન્ન થઇ.

કારોબારી સમિતિની આ બેઠકની શરૂઆત; શબદની દેવી, મા સરસ્વતીની સ્તુતિથી, મંત્રીશ્રી મૂળજીભાઇ પરમાર 'દધિ' દ્વારા કરવામાં આવી. ત્યારબાદ અધ્યક્ષસ્થાનેથી ભરતભાઇ કવિ દ્વારા હાજર સર્વેને અંતરના ઉમળકાથી આવકાર્યા. પૂર્વ પ્રમુખશ્રી દોલત ભટ્ટ, ખાસ હાજર રહેલ હોઇ, તેઓશ્રીને પણ આવકારવામાં આવ્યા. ચાલુ વર્ષમાં યોજવામાં આવેલ ત્રણ સાહિત્યકાર - વાર્તાકાર - કવિ - નાટ્યકાર - ગઝલકાર સર્વશ્રી ડો. એસ.એસ.રાહી, ઓમપ્રકાશ ઉદાસી અને કનૈયાલાલ ભટ્ટ 'ચિંતક'ની કાવ્યગોષ્ઠિ અને ગઝલ-કાવ્ય પઠનના કાર્યક્રમોની અધ્યક્ષસ્થાનેથી ઝાંખી કરાવવામાં આવી અને આવી, જેમાં કાર્યક્રમો અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવી, જેમાં નીચે મુજબના કાર્યક્રમો હવે પછી સમયાનુકૂળ ગોઠવવાનું નક્કી કરવામાં આવ્યું.

(૧) તા. ૧૩-૭-૧૪ના રોજ, આ સંસ્થાના પૂર્વ મંત્રીશ્રી અને ગઝલકાર કિશોર જીકાદરાનો 'ગઝલ પઠન'નો કાર્યક્રમ રહેશે. (૨) પુરૂષોત્તમ રૂપાલાનો સાહિત્યિક પ્રોગ્રામ પુનઃ ગોઠવવો. (૩) જીતેન્દ્ર કા. વ્યાસ, કવિશ્રીનો કાવ્યપઠન અને સાહિત્યિ ગોષ્ઠિનો કાર્યક્રમ ગોઠવવો. (૪) ગુજરાત સાહિત્ય પરિષદના કવિશ્રીઓ/સાહિત્યકારો પૈકીનાનો સાહિત્ય ગોષ્ઠિનો કાર્યક્રમ ગોઠવવો. (૫) માણાવદરના વતની સાહિત્યકાર મનુભાઇ ત્રિવેદી 'ગાફિલ' નો સાહિત્ય અંગેના કાર્યક્રમ દલપત પઢિયારની સાહિત્ય સરવાણીમાં પીરસવાનું ગોઠવવું.

આમ દરમાસના બીજા રવિવારે મળતી સાહિત્ય સભાની બેઠકોમાં, વારાફરતી - ઉપર મુજબના સાહિત્યકારોના કાર્યક્રમો અને સંસ્થાના સભ્ય સાહિત્યકારોની સ્વલિખિત રચનાઓનાં પઠનના કાર્યક્રમો ગોઠવવાનું નક્કી કરવામાં આવ્યું.

ત્યારબાદ સંસ્થાના કોષાધ્યક્ષ હરેશ ભટ્ટ દ્વારા સંસ્થાના સને ૨૦૧૩-૧૪ના વાર્ષિક ઓડીટેડ હિસાબો રજૂ કરવામાં આવ્યા જેને મંજૂર કરી, સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

ગાંધીનગરમાં સાહિત્ય ભવનના નિર્માણ માટે જમીન ફાળવવા અંગે સરકારશ્રીમાં રજૂઆત કરવામાં નક્કી કરવામાં આવ્યું.

સંસ્થાના કારોબારી સભ્ય મૌલિક બોરીજા, તાજેતરમાં નિવૃત્ત થયેલા હોઇ, તેઓને નિવૃત્તિની શુભેચ્છાઓ પાઠવવામાં આવી અને નિવૃત્તિમાં વધુ પ્રવૃત્તિમય રહી, સાહિત્યસેવામાં રત રહેવા શુભકામના પાઠવવામાં આવી.

સંસ્થાના હિસાબો-નાણાંકીય વ્યવહાર માટે સંસ્થાના બે બેંક એકાઉન્ટમાં નાણાંકીય લેવડદેવડ માટે (૧) પ્રમુખ ભરત કવિ (૨) કોષાધ્યક્ષ હરેશ ભટ્ટ (૩) મંત્રીશ્રી મૂળજીભાઇ પરમાર અને (૪) મંત્રી સંજય થોરાતનાં નામો રાખવાનું અને તે ચારમાંથી ગમે તે બે નાં નામોથી નાણાં ઉપાડવાનું નક્કી કરવામાં આવ્યું; જેમાં કોષાધ્યક્ષ કોમન રહેશે. આજની સભાના યજમાન નટવર હેડાઉ 'વનવિહારી' ઉપપ્રમુખનો આભાર માની સભાની પૂર્ણાહૂતિ કરવામાં આવી છે.

(૧) ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા શિષ્યમાન્ય કૃતિઓને પ્રકાશન સહાય રૂપે, ઇતિહાસ, તત્ત્વજ્ઞાન, વિજ્ઞાન, કલા, ભાષા સાહિત્ય, વિવેચન તેમજ સંશોધનને લગતાં સાંસ્કૃતિક ભૂમિકા ધરાવતા ગ્રંથો અને અભ્યાસ લેખના સંગ્રહોને રૂા. ૧૦,૦૦૦ (દસ હજાર) સુધીની સહાય આપવામાં આવે છે જે અંગે જરૂરી આવેદનપત્ર સાથે હસ્તપ્રત રજૂ કરવાની રહેશે.

(૨) અગાઉ જેમની એક પણ સાહિત્યકૃતિ પુસ્તક સ્વરૂપે પ્રગટ થઇ નથી, તેવા નવોદિત લેખકને સાહિત્યનાં વિવિધ સ્વરૂપોમાં લખાયેલી મૌલિક કૃતિના પ્રથમ પ્રકાશન માટે રૂા. ૧૦,૦૦૦ (દસ હજાર) સુધીની પ્રકાશન સહાય આપવામાં આવે છે, જે માટે બે હસ્તપ્રતની ફાઇલ રજૂ કરવાની રહેશે.

(૩) બાલસાહિત્યના પ્રોત્સાહન માટે રૂા. ૫૦૦૦/- (પાંચ હજાર) સુધીની પ્રકાશન સહાય આપવામાં આવે છે, જે માટે એક હસ્તપ્રતની ફાઇલ રજૂ કરવાની રહેશે.

(૪) અન્ય ભારતીય ભાષામાંથી ગુજરાતી ભાષામાં અનુવાદ અને ગુજરાતી ભાષાની ઉત્તમ કૃતિઓ અન્ય ભાષામાં અનુવાદ માટે અનુવાદકોને પુસ્તક પ્રકાશન સહાય માટે રૂા. ૧૦, ૦૦૦/- (દસ હજરા) આપવામાં આવે છે, જે માટે એક હસ્તપ્રતની ફાઇલ જરૂરી આવેદનપત્ર સાથે રજૂ કરવાની રહેશે.

ઉપર્યુક્ત ચારેય યોજનાઓ માટે આવેદન ગુજરાત સાહિત્ય અકાદમી, અભિલેખાગાર, ગુલાબ ઉદ્યાન સામે, સેક્ટર-૧૭, ગાંધીનગરને મોડામાં મોડા તા. ૩૧-૮-૨૦૧૪ સુધીમાં મોકલી આપવાની રહેશે.

## સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ શબ્દસેતુ

સંપાદકો : નટવર હેડાઉ/મૂળજીભાઇ પરમાર 'દધિ'

**કાવ્યસેતુ**

**સંબંધોનાં પોટલાં!**

મનના પટારે, નવા-જૂના ઘણાય
સંબંધોનાં પોટલાં પડ્યાં છે!
ઘણા છે નવનકોર-ધોયેલ;
પ્રેસ કરીને રાખેલ
ગડીબંધ, અપટુડેટ કપડાંશા;
ગમે ત્યારે-જ્યારે ઇચ્છા થાય ત્યારે,
પહેરવાં ગમે તેવા!
ઘણા છે લબાચા લાગતા, અસ્તવ્યસ્ત...
વળ ખાઇને પડેલ;
મરડાશીંગશા અમળાયેલ - ચિમળાયેલ;
ઇચ્છા પણ ન થાય પહેરવાની
અને જરૂરિયાત પણ ન પડે,
પરંતુ...!
જીવતરના એક અમોલ...
ન ભૂલાય તેવા સંભારણા તરીકે
કાયમ જાળવીને...
પટારે અકબંધ સાચવી રાખવા જેવા!
કેટલાક સંબંધો...
પાતળા પોત જેવા અને પારદર્શક...
હમણાં તૂટશે... ફાટશે... એવું લાગે;
પરંતુ લાંબો સમય ચાલ્યા જ કરે... ચાલ્યા...
કાયાની માયાને ખુલ્લી મુકી દે;
પરંતુ કાયરેક પહેરવાની અદમ્ય ઇચ્છા ન રોકી શકાય તેવા!
ઘણા સંબંધો...
હાથવણાટની પછેડીશા
ખરબચડા... રંગહીન!
જેના તાણા-વાણા બેઉ સરખા-જાડા;
ક્યારેક... વખત - કવખતે જ કામ આવે તેવા,
પરંતુ...
જેને તદ્દન અળગા કરવાનું કે,
છોડી દેવાનું મન જ ન થાય તેવા!
ઘણાં સંબંધો...
કોટપાયલૂન, સેલુ, ઘરારાશા;
કાયમ તો ખપ ન લાગે, પરંતુ...
અવસર આવ્યે ક્યારેક ઉપયોગ કરતાં,
ઠાઠમાઠ વધારી દે તેવા!
ઘણાં સંબંધો...
નવરંગી ચૂંદડી અને પ્રિતના પાનેતર જેવા હેતભર્યા,
વળગણીને લટકાવો કે હેન્ગર ભરાવો
તો પણ,
સદાય સુંદર લાગે... દીપી ઉઠે તેવા,
પ્રથમ નજરના પ્રેમશા -
સ્મરણમાં મમરાવવા જેવા!
ઘણા સંબંધો...
જાંગિયા - બંડી - બ્રા શા,
દૃશ્ય; પરંતુ સદાય અદૃશ્ય!
ફાટેલ-તૂટેલ હોય તોપણ;
ગોપનીય રાખી,
સદાય ઉપયોગમાં લેવાય તેવા!

**મૂળજીભાઇ પરમાર 'દધિ'**

# આપણી નવી પેઢી આધુનિક વીજાણુ ઉપકરણો ભલે વાપરતી, એનો વાંધો ન હોઇ શકે... પણ એ એની કર્મેન્દ્રિયો અને જ્ઞાનેન્દ્રિયાને શિથિલ કે નિષ્ક્રિય બનાવી દે એ કેવી રીતે પોષાય?

## શિક્ષણની સપ્તરંગી ક્ષિતિજોનો સ્પર્શ

- હર્ષદ પ્ર. શાહ

શિક્ષણ જીવનને જીવંત બનાવનારું એક અદ્‌ભૂત ચેતન-તત્ત્વ છે. શિક્ષણનો સ્પર્શ મનુષ્યમાં માનવતાનાં સ્પંદનો જગાડી શકે છે. શિક્ષણ મનુષ્યને જડ-ચેતન સૃષ્ટિ સાથે સહ-અસ્તિતવનો પાઠ શીખવાડે છે.

સંસ્કાર મનુષ્યનું આભૂષણ છે અને સંસ્કૃતિ સમાજનું. સમગ્ર જગત પર જીવતો માનવ-સમુદાય સંસ્કૃતિના પવિત્ર જળથી અભિષિક્ત હોય તો જગત ખરેખર સુંદર ભાસે... સ્વર્ગ લાગે.

અને... આ શક્ય છે શિક્ષણથી. શિક્ષણ મનુષ્યમાં ઇષ્ટ પરિવર્તન લાવવા સમર્થ છે. મનુષ્ય જીવનનો અર્થ અને ઉદ્દેશ્ય સમજાવવાનું કામ શિક્ષણનું છે. કેવળ કારકિર્દી ઘડીને ધનપ્રાપ્તિ કરવી અને ભૌતિક સુખ માણવું એટલો જ સીમિત ઉદ્દેશ્ય દ્વારા સિદ્ધ નથી કરવાનો. આ વાત સમજવી જ રહી. જીવનનો મર્મ છે, ધર્મ છે... એનું ઊંડાણ છે અને એની ઊંચાઇ પણ છે. આ સર્વ જાણવાનું, સમજવાનું માધ્યમ શિક્ષણ છે.

શિક્ષણ ક્યારે સંકુચિત ન હોઇ શકે. વ્યસનોને, દુર્ગણોને કે અધઃપતનને એ ક્યારેય પોષી ન શકે. એ તો પોષે સદ્‌ગુણોને, ચારિત્ર્ય અને સાત્ત્વિકતાને. અને તેથી તેની ક્ષિતિજ અસીમ છે એની ક્ષિતિજનો તાગ મેળવવો કઠિન છે. કદાચ અશક્ય છે.

... અને તેથી શિક્ષણ ચિંતકો એની દૂર ક્ષિતિજે દેખાતા સુંદર દૃશ્યને, સપ્તરંગી આભાને પોતાના માનસપટમાં સમેટવા સતત પ્રયત્નશીલ રહેવું જોઇએ. આટલું જ એ કરી શકે. ક્યારેક એ ક્ષિતિજ સુધી પહોંચી તો ન જ શકે... કારણ કે એ જેટલું આગળ વધે એટલે ક્ષિતિજ પણ દૂર જતી જાય. પગલે પગલે પંથ ખુલે એ ન્યાયે દરેક કદમ પર દેખાતી શિક્ષણની ક્ષિતિજનાં જુદાં જુદાં દૃશ્યોને પોતાના દૃષ્ટિક્ષેત્રમાં સમાવી એનાં શક્ય તેટલાં સચોટ અર્થઘટનો આ સમાજને આપવાં એ સમર્થ શિક્ષણચિંતકોનું કામ છે.

વર્તમાન સમયમાં સમગ્ર જગતના અસંખ્ય દેશો ખૂબ સક્રિયપણે 'શિક્ષણ' વિષયને આકાર આપવા મથી રહ્યા છે. અનેક પ્રકારનાં સંશોધનો અને આવિષ્કારો થઇ રહ્યા છે. એ સારું છે. શિક્ષણને સમજવાની આ મથામણ ચાલુ જ રહેવી જોઇએ.

શિક્ષણ નિત્ય નૂતન છે અને પરિવર્તનશીલ છે. ખળખળ વહેતા ઝરણા જેવું છે. પળે પળે ક્ષિતિજોનાં રંગો, આકારો અને દૃશ્યો બદલાય અને એવા વૈવિધ્યની મજા કોઇ પ્રકૃતિપ્રેમી માણે એવી જ રીતે શિક્ષણના બદલાતાં રંગ અને દૃશ્યો શિક્ષક માણતો હોય છે. શિક્ષણને યુગાનુકૂળ બનાવવું જોઇએ, પણ સાથે સાથે શાશ્વતને સમજવું પણ એટલું જ જરૂરી છે. આપણે શાશ્વતના આરાધક છીએ, ક્ષણભંગુરના નહીં. આપણે સમન્વય કરવો છે. ભૌતકતાનો અને આધિભૌતકતાનો. આપણે જીવનનો ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એવા ચતુર્વિધ પુરૂષાર્થોની સમગ્રતા બક્ષવી છે. ભોગને સંયમથી ધુરાથી નાથવો છે.

આપણી નવી પેઢી આધુનિક વીજાણુ ઉપકરણો ભલે વાપરતી, એનો વાંધો ન હોઇ શકે... પણ એ એની કર્મેન્દ્રિયો અને જ્ઞાનેન્દ્રિયાને શિથિલ કે નિષ્ક્રિય બનાવી દે એ કેવી રીતે પોષાય? આધુનિકતાનો એટલો અતિરેક પણ માન્ય નથી કે એ સમાજના અનેક લોકોને પછાત માની, પાછળ છોડી એકલો એકલો આગળ વધતો રહે. એવું થશે તો એ ખરેખર એકલો પડી જશે અને આવા 'એકલાઓ' ની એક અનિચ્છનીય જમાત ઊભી થશે જે જગતને અકલ્પનીય હાનિ પહોંચાડશે. આવી આધુનિકતાની આપણી પેઢીને બચાવીએ.

ભારત પાસે વિશ્વને આપવાં જેવું ઘણું છે. પંચકશાત્મક વિકાસની અવધારણા, જીવનને એની અખિલાઇથી જોવું ખંડખંડમાં નહીં, ઉત્તમ સંતત્તિના નિર્માણ માટે ગર્ભવિજ્ઞાનનું અધિજનન શાસ્ત્ર, પ્રકૃતિ સાથે તાદાત્મય સાધવાની કળા, સર્વસમાવેશકતા, સહિષ્ણુતા જેવી અનેક બાબતો આપણે વિશ્વને આપવા જેવી છે.

એની સામે ભારતે વિશ્વ પાસેથી શીખવા જેવું પણ ઘણું છે. પોતાના રાષ્ટ્રની સીમાઓ અને એના સાર્વભૌમત્વનું રક્ષણ શી રીતે કરવું, પ્રજામાં સ્વાભિમાન અને રાષ્ટ્રાભિમાન કેવી રીતે જગાડવું, સંકટો અને પડકારોનો સામનો કેવી રીતે કરવો, સ્વચ્છતાના ગુણને સમાજવ્યાપી શી રીતે બનાવવો, વૈજ્ઞાનિક સંશોધનો માટે કેટલા ઊંડા ઊતરવું જેવી અનેક બાબતો આપણે શીખવી જોઇએ.

આ બધું વિશાળ મહાસાગરને ઉલેચવા જેવું કામ છે અને આપણી પાસે એ માટે 'શિક્ષણ' નામનું એક પાત્ર છે. યુગો સોધી આ કામ ચાલતું જ રહેશે. ક્યારેય પૂરૂં ન જ થઇ શકે એવું કામ એટલે શિક્ષણકાર્ય. શિક્ષણ અને વિકાસની અવનવી અને રંગબેરંગી છટા ધરાવતી ક્ષિતિજોને સ્પર્શ કરવાનું મહાભગીરથ કાર્ય આપણે ઉપાડવ્યું છે. સમગ્ર વિશ્વના શિક્ષણચિંતકોને ભેગા કરી સમુદ્રમંથન કરીએ તો ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સંવિધાનમાં વર્ણિત સર્વાંગીણ, સર્વલક્ષી અને સમગ્ર વિકાસની અવધારણા કંઇક સમજાય. આપણાં બાળકો એ સમજણથી વિકસે અને શ્રેષ્ઠ માનવ, મહામાનવ, વિશ્વમાનવ બને એવી સ્વપ્નિલ ઊર્મિઓ સાથે મારી વાત પૂરી કરું છું.

# માણસોને સ્પષ્ટ પારખવા બહુ મુશ્કેલ છે, સાવ નકલી દાગીનાનો ચળકાટ પણ ઓછો નથી

## ચેતનાનો સમય

- પ્રો. ઈન્દુભાઈ ભટ્ટ

'માણસોને સ્પષ્ટ પારખવા બહુ મુશ્કેલ છે
સાવ નકલી દાગીનાનો ચળકાટ પણ ઓછો નથી'

ડૉક્ટરો તો બિમાર માણસની નાડ પારખીને માણસની બિમારીને ઓળખી શકે છે પણ એ જ દર્દીને માણસ તરીકે પારખવો ડૉક્ટર માટે મુશ્કેલ હોય છે. કેટલાક માણસો અંદરથી અને બહારથી જુદા હોય છે. બહારથી તમને ભલો, ભોળો, નિર્દોષ, પ્રમાણિક, ચારિત્ર્યવાન, સાચો લાગે તેવો નકલી અને દંભી વ્યવહાર કરતો દેખાશે પણ એ જ માણસને અંદરથી ચકાસો તો તે લુચ્ચો, લફંગો, ધૂતારો, દંભી, જુઠો, અપ્રમાણિક અને ચારિત્ર્યહીન માલુમ પડશે. આવા માણસોનો બાહ્ય વર્તાવ ચળકાટ વાળો દેખાશે. જેમ કે નકલી દાગીનાઓનો ચળકાટ અસલી સોના કરતા વધુ હોય છે. આજના યુગમાં માણસને સ્પષ્ટ રીતે પારખવો બહુ મુશ્કેલ છે.

આજકાલ ચોરી, છેતરપીંડીના વ્યવહારો બાબતે મારા એક કાઇમ બ્રાંચમાં ફરજ બજાવતા પોલીસ મિત્રે મને વાત કરી કે તમે એસ.ટી. સ્ટેન્ડે જાવ અને બસમાં જગ્યા રોકવા મુસાફરો મારીમાંથી પોતાનો સામાન બસની સીટ ઉપર મુકવા ધક્કામુકી કરે છે. ત્યારે ધુતારા ચોર લોકો બે જણા બસ આગળ ચાલે છે અને કોઇ આધેડ ઉંમરના ભાઇ કે બહેનની સેવા કરવા દોડી આવે છે અને પેલી આધેડ વ્યક્તિને કહો લાવોબેન/ભાઇ તમારી બેગ એમ કહીને સીટ ઉપર બહારથી બેગ મુકીને બસમાં ધક્કામુક્કી કરી ચઢી જાય છે પછી બીજો ચોર બીજી સાઇડમાં ઊભો હોય તેને પેલી આધેડ વ્યક્તિની બેગ લઇને આપી દે છે અને ફરી પાછો ખાલી હાથે બસમાંથી ઉતરીને ઉલોપ થઇ જાય છે. જયારે પેલી આધેડ વ્યક્તિ તેની બેગ જે સીટ ઉપર મુકેલી ત્યાં આવે તો બેગ ગાયબ થઇ ગઇ હોય છે. આવી તો અનેક રીતો ચોર લોકો અપનાવતા હોય છે તેનો એક અલગ એલ લખાય તેમ છે.

બીજી એક ગઝલમાં ડૉક્ટર કહે છે કે -

''મન નથી ફળ કે વચ્ચોવચ કાપીએ
ઝાડવા માટે કુહાડી પુરતી
કઇ રીતે ઘેઘુર લાલચ કાપીએ?''

ગઝલમાં સરસ વાત કરી છે.

ફળોને વચોવચ કાપી શકાય છે. વૃક્ષોને કાપવા માટે કુહાડી પુરતી છે. પણ માનવીના મનને વચ્ચોવચ કાપી શકાતા નથી. કેટલાક લોકોના દિલ દિમાગમાં ભારોભાર દંભ, લુચ્ચાઇ, લફંગાઇ, છળકપટ, લાલચું સ્વભાવ ભરેલો હોય છે. આવા માણસોની લુચ્ચાઇને, લાલચને, દંભને, છળકપટને, લફંગાઇને ગમે તેવા શસ્ત્રો અપનાવો પણ તેને ભેદી શકાતાં નથી.

બીજી એક ગઝલમાં ડૉક્ટરે સરસ વાત કરી છે.

''સૂર્ય કાં કરૂં હું આજીજી?
અસ્ત થાવું જ હો, ભલે થાતો
આસ્થા ટમટમે તરત બીજી બાજુ''

આમ તો ગઝલકારે સૂર્યનું આથમી જવું અને તરત જ થોડીવારમાં આકાશમાં તારલાઓ ટમટમવા લાગે છે. તેવી વાત કરીને ગઝલમાં એવો સંદેશો છે કે સૂર્યનું ઉગવું અને આથમી જવું એ એક કુદરતનો ક્રમ છે, તેવી જ રીતે માનવીના જીવનમાં પણ અજવાળા અને અંધારા આવતાં જતા રહેવાના. સુખ અને દુઃખની ઘટનાઓ આવતી જતી રહેવાની. અને જેમ સૂર્યનાં આથમી જવા પછી જેમ આકાશમાં તારલાઓ ટમટમવા લાગે છે તેમ માનવીના જીવનમાં પણ અજવાળા આથમી ગયા પછી અંધારપટ છવાઇ જાય ત્યારબાદ ફરી પાછા સુખરૂપી અજવાળા આવશે. પણ માનવીએ આસ્થા ટકાવી રાખવાની છે. શ્રદ્ધા - આત્મવિશ્વાસ, સહનશીલતા ટકાવી રાખવાની છે. પોતાના નિર્ધારીત ધ્યેયની આડે ગમે તેટલી તકલીફો આવે પણ ડર્યા વગર હિંમત હાર્યા વગર તમારા ધ્યેયને વળગી રહો આસ્થાને ટકાવી રાખો. જીવંત રાખો ફરીથી તમારા જીવનમાં સુખરૂપી તારલાઓ ટમટમવા લાગશે.

બીજી એક ગઝલમાં ડૉક્ટરે સરસ નિદાન કર્યું છે.

''કોણ સમજે તટસ્થ રહેવામાં
જયાં પવનવાય ત્યાં વળી જવું?''

સામાજીક વનમાં આજકાલ સ્વાર્થના સંબંધો વધી ગયા છે. માનવીમાં તટસ્થતા મરી પરવારી છે. સામાજિક રાજકીય સંબંધોમાં આજકાલ લોકો નીતિમત્તાની રીતે તટસ્થતા જાળવી શકતો નથી અને પોતાના સ્વાર્થમાં આંધળો બનીને સામાજિક - રાજકીય સંબંધોમાં તટસ્થતા - નીતિમત્તાને નેવે મુકીને ગુલાંટ મારીને પવનની દિશામાં નીચો નમીને દોડી જાય છે. લોભ અને લાલચમાં માનવી પોતાનું માનવપણું ગુમાવીને લાભ ખાટવા તકનો લાભ લેવા ભીખારી જેવો બની જાય છે. આજકાલ રાજકારણમાં તો જે પક્ષનો સિતારો ચમકતો હોય તે પક્ષમાં લાભ ખાટવા પોતાનો અસલી પક્ષ છોડીને પવનની દિશા હોય ત્યાં દોડી જાય છે. આવા લોકોને કદી વિશ્વાસ કરવા જેવો નથી. ક્યારે ગુલાંટ મારી દે તે કહેવાય નહિં.

બીજી એક ગઝલમાં ડૉક્ટરો સરસ વાત કરી છે

''નિસાસાની ચાદર હું વણતો નથી
કે વેરાનીના મંત્ર હું ભણતો નથી
વસંતોમાં વિશ્વાસ રાખ્યો છે મેં
કદી પાન તુટેલાં હું ગણતો નથી.''

ગઝલકારે ચેતનાનો સંદેશો તેની આ ગઝલમાં આપ્યો છે. માનવીએ નિસાસાની ચાદરો ઓઢવાની નથી. જિંદગીમાં દુખો પીડાઓ આઘાતો પ્રત્યાઘાતો અનુભવતા માનવીને સંબોધીને કહ્યું છે કે ગમે તેવો દુખો આવે પીડાઓ આવે, આઘાતો, પ્રત્યાઘાતો અનુભવવા પડે પણ આત્મવિશ્વાસ ગુમાવવાનો નથી. જ્યાં ત્યાં નિસાસા ફેલાવતા રહેવાથી કાંઇ વળવાનું નથી. જિંદગીમાં વેરાની આવી પડે છતાં નિસાસાના નિષ્ફળતાના મંત્રો ભણ્યા વગર પોતાની નિયત માર્ગે આગળ ધપવાનું છે. આપણે માનવીએ પાનખરરૂપી તકલીફોનાં પાંદડા ગણવાને બદલે વસંતઋતુરૂપી લીલીછમ્મ હરિયાળી જેવો આત્મવિશ્વાસ ટકાવી રાખીને જિંદગી જીવવાની છે.

માનવી પ્રશંસાનો ઘેલો છે. જયાં પ્રશંસા થતી હોય ત્યાંથી તેને દોડી જવું ગમતું નથી. જયાં તેને પ્રશંસા સાંપડવાની છે ત્યાં આંધળો બનીને દોડી જાય છે. માનવીમાં પ્રશંસાનો એક મોહ છે. આ મોહનો તે ત્યાગ કરી શકતો નથી. માનવી એક ઝરણા જેવો નિર્મોહી બની શકતો નથી. ઝરણાને કોઇ લાલચ કે પ્રશંસાની પડી નથી. પણ માનવી પોતાની પ્રશંસાના ગાણા સાંભળવા ગમે તે કક્ષાએ જઇ શકે છે. પ્રશંસાના મોહમાં માનવી પોતાની અસલીયત ગુમાવી દે છે.

પ્રશંસા મેળવવા માટે તો માણસો લાખોરૂપિયાનું પાણી કરી દેતા હોય છે યેનકેન પ્રકારેણ તેની પ્રશંસાઓ થતી રહે તે માટે માણસ મથામણ કરતો રહે છે. દાન આપીને ફોટા પડાવવા ઊભો રહે છે અને છાપામાં પોતાની પ્રશંસાના ગાણા ગવાતાં ફુલ્યો સમાતો નથી.